ગ્રામ રક્ષકદળ/સાગર રક્ષકદળના સભ્યોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થાના દર સુધારવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ

સચિવાલય, ગાંધીનગર

**તા. ૦૫/૧૦/૨૦૧૭**

**વંચાણે લીધા:-**

(૧)આ વિભાગનો ઠરાવ ક: ગરદ/૧૦૯૭/૩૩/પા.ફા./ફ, તા.૧/૧૦/૨૦૧૨.

**ઠરાવ:-**

કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તથા કુદરતી હોનારતો વખતે મદદ માટે અને મોટા અગત્યના તહેવારો, વીવીઆઈપી બંદોબસ્તના સમયે સ્થાનિક પોલીસની મદદમાં રહીને કામગીરી અસરકારક, વ્યવસ્થિત તથા સુઆયોજીત બનાવવાના હેતુસર ગ્રામ રક્ષકદળ/ સાગર રક્ષકદળ પ્રકારની સેવાઓનું સંગઠન ઉભું કરવામાં આવેલ છે. આ સંગઠન માનદ સંસ્થા છે અને તેની રચના મુંબઈ પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ- ૬૩ હેઠળ થયેલ છે. ગ્રામ રક્ષકદળના જવાનો ઉંડાણના તથા સરહદી વિસ્તારોના ગામડાઓમાં ફરજો બજવે છે. ગ્રામ્ય કક્ષાએ તથા તાલુકા કક્ષાએ પોલીસ સહાયક તરીકે ફરજ બજાવે ત્યારે ગ્રામ રક્ષકદળ અને સાગર કિનારાના જીલ્લાઓમાં ફરજ બજાવે ત્યારે સાગર રક્ષકદળ તરીકે ઓળખાય છે. મુખ્ય કામગીરીમાં અસામાજીક તત્વો, ધાડપાડુઓથી ગામનું રક્ષણ કરવું તથા દેશ વિરોધી તત્વોની પ્રવૃત્તિઓ અટકાવવાની છે. આમ, ગ્રામ રક્ષકદળ અને સાગર રક્ષકદળ બન્ને એક જ દળ છે.

ગ્રામ રક્ષક/સાગર રક્ષકદળના સભ્યોને ચુકવવામાં આવતા દૈનિક ભથ્થાઓમાં વંચાણે લીધેલ-(૧) થી વધારો કરવામાં આવેલ હતો. ત્યારબાદ ગ્રામ રક્ષક/સાગર રક્ષકદળના સભ્યોની પોલીસના પુરક દળ તરીકેની કામગીરીને લક્ષ્યમાં લેતા ગ્રામ રક્ષક/સાગર રક્ષકદળ સભ્યોને ચુકવવામાં આવતા દૈનિક ભથ્થાઓમાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે, ગ્રામ રક્ષક/સાગર રક્ષકદળના સભ્યોને મળતા મળતા દૈનિક ભથ્થામાં નીચે જણાવેલ વિગતે વધારો કરવાનું આથી, ઠરાવવામાં આવે છે;

| | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|
| દૈનિક ફરજ ભથ્થું | રૂપિયા ૧૦૦/- (સો પુરા) | રૂપિયા ૨૦૦/- (બસો પુરા) |

૨. વંચાણે લીધેલ ક્રમાંક-(૧) માં દર્શાવેલ વિગતે અન્ય ભથ્થાઓ યથાવત્ રહેશે.

૩. આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક:-૪૬, મુખ્ય સદર -૨૦૭૦ -અન્ય વહીવટી સેવાઓ -૧૦૬-નાગરિક સંરક્ષણ -પેટા સદર (૨)ગ્રામ રક્ષકદળ હેઠળ ઉધરાવવાનું રહેશે અને જે તે વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનું રહેશે.

૪. આ ઠરાવનો અમલ તા. ૦૧/૧૦/૨૦૧૭ની અસરથી કરવાનો રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૮/૯/૨૦૧૭ની નોંધથી મળેલ મંજુરી અન્વયે, આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નલિન નિસરતા)
ઉપ સચિવ (કાયદો અને વ્યવસ્થા-૨)
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) કમાન્ડન્ટ જનરલ, ગૃહ રક્ષકદળ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૨) સંયુક્ત નિયામક, નાગરિક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળ, હોમગાર્ડઝ ભવન, લાલદરવાજા અમદાવાદ.
(૩) એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
(૪) પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
(૫) જિલ્લા તિજોરી અધિકારી, તમામ.
(૬) નાયબ સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૮) શાખા /ના.સે.અ. સિલેક્ટ ફાઈલ